Extra No. 796

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, AUGUST 20, 2025 / SRAVANA 29, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART I-B

CENTRAL SECTION

Government Notifications Published Under Land Acquisition Act Only

REVENUE DEPARTMENT

NOTIFICATION

Sachivalaya, Gandhinagar, 19th August, 2025

(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) (30 of 2013)

District : Ahmedabad

No: AM-M-2025-586-LAM-132025-1354-GH:- Whereas it appears to the Government of Gujarat, that the land is likely to be needed for public purpose viz. for the purpose of construction of the infrastructure project of "Bagodara-Dhandhuka-Vallabhipur-Bhavnagar State Highway Four Lane".

(1) Now therefore in exercise of the powers conferred by sub-section (1) of section (2) of "The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) (herein after referred to as "The Act") and the Rules made there-under, it is hereby notified that the Government of Gujarat intends to acquire the said land for the public purpose of the infrastructure project specified above.

(2) Now whereas a proposal is made for acquisition of the above mentioned proposed project of "Bagodara-Dhandhuka-Vallabhipur-Bhavnagar State Highway Four Lane" the bare minimum area of land to be acquired, for the Project is H.A. 06-04-66 Sq.mtr. and is situated within the boundary limit of: Village: Bagodara, Taluka: Bavla, Dist. Ahmedabad**.**

(3) Now whereas it appears to the State Government that it is expedient to exempt in public interest such area of H.A. 06-04-66 Sq.mtr. of land to be acquired, for the above stated infrastructure project, from the application of the provision of chapter II and III of the Act.

(4) Now therefore, in exercise of the powers conferred by section 10(A) of The Act [inserted by section 3 of The RFCTLARR (Gujarat Amendment) Act, 2016] (Gujarat Act No. 12 of 2016) The Government of Gujarat, hereby exempt in public interest, the area of H.A. 06-04-66 Sq.mtr. land is situated within the boundary limit of: Village: Bagodara, Taluka: Bavla, Dist. Ahmedabad to be acquired for the "Bagodara-Dhandhuka-Vallabhipur-Bhavnagar State Highway Four Lane" from the application of the provision of chapter II and III of The Act.

By order and in the name of the Governor of Gujarat,

PRERAK J. PATEL,

Deputy Secretary to Government.

મહેસૂલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

(જમીન સંપાદન, પુન: સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શકતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : અમદાવાદ

ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૫૮૬-જઅમ-૧૪૨૦૨૫-૧૩૫૪-ઘ:- "બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ભાવનગર સ્ટેટ હાઈવેને ચાર માર્ગીય બનાવવાના" ના જાહેર હેતુના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે જમીનની જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સૂચિત પ્રોજેક્ટ "બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ભાવનગર સ્ટેટ હાઈવેને ચાર માર્ગીય બનાવવાના"ના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે. ૦૬-૦૪-૬૬ ચો.મી. છે અને તે મોજે. બગોદરા, તા. બાવળા, જિ. અમદાવાદની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૦૬-૦૪-૬૬ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં "બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ભાવનગર સ્ટેટ હાઈવેને ચાર માર્ગીય બનાવવાના"ના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે. બગોદરા, તા. બાવળા, જિ. અમદાવાદની ક્ષેત્રફળ હે.આરે. ૦૬-૦૪-૬૬ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.23 10:45:54 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar